# તલોદની નમસ્કાર શરાફી મંડળી ત્રણ દિવસથી બંધ રહેતા ગ્રાહકો મુશ્કેલીમાં

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ નગર ખાતેની નાણાંકીય સંસ્થા નમસ્કાર શરાફી મંડળી આજે ત્રણેક દિવસે પણ નહી ખુલતાં થાપણદારો અને ગ્રાહોકની હાલત



દયનીય બની છે. મંડળીના શટર આજે પણ નહી ખુલતાં શટર ઉપરની નોટીસ વાંચીને ભારેખમ હૈયે ગ્રાહકો પરત ફરતા જોવા મળ્યા હતા. નમસ્કાર મંડળીનો એક તરફી વહિવટી ચાર્જ સાબરકાંઠા બેન્કે લીધેલ છે. ત્યારે મંડળીના કેટલાક હોદ્દેદારો અને કર્મચારીઓનો સંપર્ક કરવા જતાં ગ્રાહકોને માત્ર નિષ્ફળતા સાંપડી રહી છે. જે જિલ્લા રજિસ્ટ્રાર મંડળીના સભાસદો, ગ્રાહકો અને થાપણદારોના જાહેર હિતને કેન્દ્રસ્થાને રાખીને તાકીદે યોગ્ય નિર્ણય કરે તેવી માંગ ઉદ્ભવી છે.

નમસ્કાર શરાફી મંડળી નબળી પડી જતાં દિવાળી પહેલાંથી જ થાપણદારોના જીવ તાળવે ચોંટી જાય તેવી સ્થિતિ થઈ હતી. મંડળીએ આડેધડ કરેલ ધિરાણ અને વસુલાતની કામગીરીનો અભાવ એ મંડળીના પાકા પાયાને પણ હચમચાવી મુકવા પુરતા પુરવાર થયા છે. મંડળીમાં લાખો રૂપીયાની જમાપૂંજીવાળા ગ્રાહકોને મહિને દહાડે રૂ. ૫ હજાર જેટલી રકમ ચુકવવાની મંડળીએ શરૂઆત કરી હતી. જે માટે મોટા થાપણદારો મંડળીની આ રસમ 'હાથીને મૂઠી મમરા ખવડાવવા' જેવી હાસ્યાસ્પદ માનતા હતા. બીજી તરફ ક્રમશઃ થાપણદારોએ ફરિયાદો પણ ચાલુ રાખી હતી. આવી કપરી પરિસ્થિતિમાં પણ સાબરકાંઠા જિલ્લા રજિસ્ટ્રાર ચૌહાણે તાકીદે કોઈ નિર્ણય નહી લેવાનું મન મનાવતા મંડળીના ગ્રાહકો અને થાપણદારોના દિલો દિમાગમાં તેઓ પ્રત્યે પણ આશંકા ઉદ્ભવી હતી. સમયાંતરે જાગી ઉઠેલા મનાતા જિલ્લા રજિસ્ટ્રારે તલોદની આ નબળી પડી ગયેલી નમસ્કાર મંડળીના વહિવટદાર તરીકે સાબરકાંઠા જિલ્લા સહકારી બેન્કની અને સા.કાં. બેન્કે તેના સિનિયર ઈન્સ્પેક્ટર રાકેશ પટેલની વહિવટદાર તરીકે નિમણુંક કરી દીધી છે. જે સાબરકાંઠા બેન્ક પણ આ મંડળી પાસે અંદાજીત રૂપિયા સવા બે કરોડ માગતી હોવાનુ ચોમેર ચર્ચામાં રહ્યું છે.

નમસ્કાર મંડળીના વહિવટદારને મંડળીનો ચાર્જ સોંપી દેવા નમસ્કાર મંડળીના જવાબદાર હોદ્દેદારો તથા મેનેજર વિગેરે, મંડળીનો ચાર્જ સોંપવા બાબતે દૂર ભાગતા હોવાનો આક્ષેપ વહિવટદારે કરીને આશંકા જગાવી હતી કે, મંડળીમાં કથિત કૌભાંડની ગ્રાહકોને મન ઉદભવેલી આશંકા આમ થવાથી વધુ દૃઢ બની રહી છે. પરંતુ મંડળીનો વહિવટી ચાર્જ લઈને તમામ બેજવાબદારો સામે કાર્યવાહી કરવામાં આવશે તથા મંડળીના હોદ્દેદારોની નીતિ રીતિ અંગે વડી કચેરી તથા જિલ્લા રજિસ્ટ્રારને પણ રિપોર્ટ કરવામાં આવશે તેમ પણ વહિવટદાર આર.કે. પટેલે કહ્યુ હતુ. મનાય છે કે મંડળીના હોદ્દેદારો વહિવટદારના હાથમાં મંડળી ન જાય તે માટે કાયદાકીય બારીઓ શોધવા જહેમત ઉઠાવી રહ્યા છે જેઓ દોડધામ કરી રહ્યા છે.





## ધાનેરાના યાવરપુરા ગામ નજીક મગફળી ભરેલી ટ્રકમાં આગ

ધાનેરા તાલુકાના યાવરપુરા ગામ નજીક મગફળી ભરેલી ટ્રકમાં અચાનક આગ લાગતાં લોકો ભયભીત બન્યા હતા તો બીજી તરફ લોકો અને ધાનેરા નગરપાલિકાના ફાયર ફાઈટરની ટીમ ની મહેનત રંગ લાવી હતી અને આગ પર તાત્કાલિક કાબુ મેળવ્યો હતો ...આગ પર તાત્કાલિક કાબૂ મેળવતા મોટું નુકસાન થતું અટકાવ્યું હતું. મગફળી ભરેલી ટ્રક ધાનેરા થી થરાદ જઈ રહી હતી ત્યારે ધાનેરા તાલુકાના યાવરપુરા ગામ નજીક અચાનક આ ટ્રકમાં ભરેલી મગફળી માં આગ લાગી હતી આગને આજુબાજુના લોકો તેમજ ડ્રાઈવરને જાણ થતાં ડ્રાયવરે ગાડી તાત્કાલિક ઉભી રાખી હતી અને આજુબાજુ થી લોકો પણ દોડી આવ્યા હતા ત્યારે લોકો ટ્રકમાં ચડી મગફળીના કોથળાઓ નીચે નાખ્યા હતા અને આબુ જવાનો પ્રયત્ન કર્યો હતો ત્યારે ધાનેરા નગરપાલિકાનું ફાયર ફાયટર પણ ઘટનાસ્થળે પહોંચી ગયું હતું .....ધાનેરા નગરપાલિકાનું ફાયર ફાઈટર અને સ્થાનિક લોકો દ્વારા મહેનત કરી તાત્કાલિક આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો આગ પર તાત્કાલિક કાબૂ મેળવતા ટ્રક તેમજ મગફળીને થતું મોટું નુકસાન અટકી ગયું હતું અને સામાન્ય નુકસાન થયું હતું.

# ડીસામાં પાણીનો બગાડ કરનારને નોટિસ અપાશે

## પ્રથમ વખત નોટિસ ફટકારવામાં આવશે બીજી વખત કનેક્શન કાપી દંડ વસુલવાનો પાલિકાનો નિર્ણય : ડીસામાં બે દિવસ બપોર બાદ પાણી પર કાપ મુકવામાં આવશે

ડીસા નગરપાલિકા દ્વારા શહેરના વિવધ વિસ્તારોમાં ૨૫ બોર આવેલા છે જેમાં કુલ ૧૪ ઓવર હેડ ટાંકી તથા ૮ અન્ડર ગ્રાઉન્ડ સંપ દ્વારા ૨૮ એમેલડી પાણી આપવામાં આવે છે જોકે ડીસાની જનતાને કુલ ૨૨ એમેએલડી પાણીની જરૂર છે.ત્યારે આગામી સમયમાં પાણીની તંગી ન વર્તાય તે માટે ગુરુવારે અને શનિવારે બપોર બાદ પાણીમા કાપ મુકવાનો નિર્ણય ન.પાલિકા દ્વારા લેવામાં આવ્યો છે ઉપરાંત પાણીનો બગાડ કરનારને નોટિસ ફટકારવામાં આવશે તેમ છતાં જો પાણીનો બગાડ કરશે તે તેનું કનેક્શન કાપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય પાલિકા દ્વારા કરવામાં આવ્યો છે.

બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારમાં ઉનાળામા પાણીની તંગી વર્તાય છે.ત્યારે આગામી સમયમાં ડીસાના શહેરીજનોને પાણીની તંગી ના વર્તાય તે માટે ન.પાલિકા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે.ડીસામાં ૧ લાખ ૨૯ હજારની વસ્તી છે.ત્યારે નગરપાલિકા દ્વારા રહેણાકમાં ૧૯૦૫૨ તથા બિન રહેણાંકમાં ૯૯૭ મળી કુલ ૨૦૦૪૯ પાણીના કનેકશનો આપવામાં આવ્યા છે.ત્યારે ડીસા શહેરમાં કુલ ૨૫ બોર આવેલા છે અને કુલ ૧૪ ઓવર હેડ ટાંકી તથા ૮ અંડર ગ્રાઉન્ડ સંપ આવેલા છે . નગરપાલિકાના જણાવ્યા મુજબ શહેરીજનોને ફક્ત ૨૨ એમે.એલ.ડી પાણીની જરૂર છે જેની સામે શહેરીજનોને કુલ ૨૮ એમએલડી પાણી પૂરું પાડવવામાં આવે છે.જોકે આગામી સમયમાં પાણીની તંગી ના વર્તાય તે માટે પાલિકા દ્વારા મહત્વનો નિર્ણય લીધો છે જેમાં ગુરુવાર અને શનિવારે બપોર બાદ પાણીનો કાપ રહેશે.





## ધાનેરા તાલુકાના સરાલ ગામ નજીક પીવાના પાણીનો વેડફાટ

બનાસકાંઠા જિલ્લાના છેવાડાના ગામોમાં પાણી માટે લોકો વલખાં મારી રહ્યા છે તો અબોલ પશુઓ પણ પાણી ન મળતાં મોતને ભેટી રહ્યા છે ત્યારે ધાનેરા તાલુકાના સરાલ ગામ નજીક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ થતાં હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે લોકો દ્વારા તંત્રને જાણ કરવામાં આવી રહી છે પરંતુ તંત્ર જાણે આ ખાડા કાન કરી રહી હોય તેમ લાગી રહ્યું છે. એકબાજુ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે તો બીજી બાજુ પાણીને લઈ લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે બનાસકાંઠા જિલ્લાના છેવાડાના વિસ્તારોમાં લોકોને પાણી ન મળતા લોકો પાણી માટે વલખા મારી રહ્યા છે અને દૂર દૂર સુધી જઈ પાણી લાવી રહ્યા છે તો અબોલ પશુઓને પણ પાણીના મળતા પશુઓ પણ મોતને ભેટી રહ્યા છે ત્યારે ધાનેરા તાલુકાના સરાલ ગામ નજીક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાયું છે અને હજારો લિટર પાણી વેડફાઈ રહ્યું છે લોકો દ્વારા આ બાબતે તંત્ર અને મૌખિક જાણ પણ કરવામાં આવી રહી છે છતાં પણ હજુ સુધી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં નથી આવી અને આજે પણ આ પાણી આવી જ રીતે વેડફાઈ રહ્યું છે ત્યારે તંત્ર આ બાબતે તાત્કાલિક જાગે અને વેડફાતુ પાણી અટકાવી જરૂરિયાત બંધ લોકો સુધી પાણી પહોંચાડે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે.

### વાવના સરહદી ગામોની જિલ્લા કલેક્ટરે મુલાકાત લીધી

# પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવા અધિકારીઓને તાકીદ કરાઈ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના



સરહદી વિસ્તારોમાં દુષ્કાળની પરિસ્થિતિ હોઈ અહીં ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણી તેમજ ઘાસચારાની તીવ્ર અછત હોઈ તેમજ પીવાના પાણીની સમસ્યાને લઈ જિલ્લા કલેક્ટરે શનિવારે વાવ તાલુકાના સરહદી ગામોની મુલાકાત લીધી હતી અને પાણી તેમજ ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર સંદીપ સાંગલએ વહીવટી તંત્ર સાથે શનિવારે વાવના માવસરી, કુંડાળીયા, રાધાનેસડા, ચોથારનેસડા,



અસારા જેવા સરહદી ગામોની મુલાકાત લીધી હતી અને લોકો પાસેથી પરિસ્થિતિ જાણી હતી. માવસરી મહિલા સરપંચ જહુબેનએ કલેકટરને રજુઆત કરી હતી કે લોકોને પાણી ન મળતાં મને હેરાન કરે છે. જ્યારે અસારા ગામ લોકોએ પણ અસારામાં સરકારી દવાખાનું છે પણ ડોકટર આવતા નથી તેવી રજુઆત કરી હતી. જિલ્લા કલેકટર સંદીપ સાંગલએ પાણી અને ઘાસચારાની વ્યવસ્થા કરવા અધિકારીઓને તાકીદ કરી હતી. આ સમસ્યા દૂર કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

# ચાલુ ગાડીએ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા ચાર ઝડપાયા

## ૨.૬૨ લાખના મુદ્દામાલ સાથે પુંધરા પાસેથી ૪ સટ્ટોડીયાઓને એલસીબી-૨ એ ઝડપી પાડ્યા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન મળેલી બાતમીને આધારે માણસા નજીક આશ્રમ ચારરસ્તાથી પુંધરા રોડ પર ચાલુ ગાડીએ ક્રિકેટ મેચનો સટ્ટો રમાડી રહેલા ચાર સટ્ટોડીયાઓને આ ટીમે પકડી પાડ્યા છે. રૂ. ૨.૬૨ લાખના મુદ્દામાલ સાથે ચારેય શખ્સોની ધરપકડ કરી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પકડાયેલા શખ્સો અમદાવાદના સરદારનગર વિસ્તારમાં રહે છે અને ચારેય ચાલુ ગાડીએ મોબાઈલ ફોન પર લાઈવ મેચ જોઈ ક્રિકેટ સટ્ટાની એપ્લીકેશન મારફતે સટ્ટો રમાડી રહ્યા હોવાનુ બહાર આવ્યું છે.

એલસીબી ટીમના ઈન્ચાર્જ પીઆઈ વાય.જે.રાઠોડની ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીગ કરી રહી હતી તે દરમિયાન ટીમને બાતમી મળી હતી કે કોલકતા નાઈટ રાઈડર્સ અને કિંગ્સ ઈલેવન પંજાબ વચ્ચે ચાલતી લાઈવ મેચ પુંધરા પાટીયા નજીક રોડ ઉપરથી ચાલુ સ્વીફ્ટ ગાડી નં. જી.જે.૦૧.કે.એસ.-૦૭૪૦ માં અમદાવાદના સરદારનગરના ચાર ઈસમો ચાલુ ગાડીમાં પોતાના મોબાઈલ ફોનમાં મેચ જોઈ ક્રિકેટ મેચના લાઈવ સોદા કરી સટ્ટો રમાડી રહ્યા હતા. જેમાં જગદીશ નારાયણદાસ ચેલાણી ઉંવ-૪૦ રહે.ડી.-૨૧ ચિંતન ફ્લેટ નયનનગર કૃષ્ણનગર અમદાવાદ, મનીષ મહેશ અરોરા ઉં.વ.-૩૦ રહે. ફ્લેટ નં.૧૭ તુલશી એપાર્ટમેન્ટ મોટવાની બંગ્લોઝ પાસે, કુબેરનગર અમદાવાદ, જીતેન્દ્ર આહ્લાયદાસ લાલવાણી ઉં.વ.૩૯ રહે.ડી-૩૭ સંતરામ માર્કેટ કુબેરનગર,અમદાવાદ અને જય પરમાનંદ રાજપાલ ઉંવ.૨૭ રહે. ઈ-૨૫૨ રાજાવીર રોડ કુબેરનગરવાળાનો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી મોબાઈલ નં-૬ કિ.રૂ. ૧૧૦૦૦ તેમજ રોકડ રકમ કુલ રૂ.૩૩૦૦ અને એક સ્વીફ્ટ કાર રૂ. ૨,૫૦,૦૦૦ મળી કુલ રૂ. ૨,૬૨,૩૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારાનો કેસ કરી કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગૃહિણીઓ અથાણા બનાવવામાં મસ્ત

## માર્કેટમાં કેરી, ગુંદા, કેરડા સાથે અથાણાની સામગ્રીની માંગ

ગાંધીનગર, તા. ૫

માર્કેટમાં જેમ દર સિઝન પ્રમાણે શાકભાજી અને ફ્રૂટ વેચાય છે. જે સિઝન પ્રમાણે વેચાતા, આરોગાતા તથા સંગ્રહાતા હોય છે. સાથે જ ઉનાળો આવ્યો ને ગૃહિણીઓ બારે મહિના સચવાતા અથાણા બનાવવામાં લાગી જાય છે. માર્કેટમાં વિવિધ પ્રકારના અથાણાની સામગ્રી પણ મળવા લાગે છે. શહેરની ગૃહિણીઓ માટે છુંદો, કાચી કેરી અથાણા, કેરડા અને ગરમરનું અથાણુ હોટ ફેવરીટ છે. હાલના દિવસોમાં બજારમાં ગુંદા, કાચી કેરી અને કેરડા જોવા મળી રહ્યા છે. માર્કેટમાં આજે સિઝનલ શાકભાજી અને ફ્રૂટ વેચાઈ રહ્યા છે. વર્ષોથી ચાલતી પરંપરા મુજબ ગૃહિણીઓ આ દરેક ફ્રૂટ કે શાકભાજી તેના મનપસંદ વસ્તુનો સંગ્રહ કરવા માટે વિવિધ નુસ્ખા અજમાવતી હોય છે. જેમાં ખાસ અથાણા બનાવી બારે માસ સંગ્રહાય અને બારેમાસ ખાવા મળે તે પ્રમાણેની સામગ્રી તેમાં ઉમેરી તેને બનાવાય છે. જેમાં કાચી કેરી, ગુંદા, દ્રાક્ષ, લીંબુ, ઢાબર, ગરમર, ચણા, લીલા મરીનું અથાણું, આખી કેરી કે ડાબલા કેરીનું અથાણુ, ગોળ કેરી, છુંદો, મુરબ્બો, કટકી, લસણનું અથાણું, આખી ડુંગળી (બેબી ઓનિયન), ચણામેથીનું અથાણું, ગાજરનું અથાણું આ દરેકને ચીવટપૂર્વક બનાવી બારે મહિના ગૃહિણીઓ સાચવે છે અને પરિવારને ખવડાવે છે. અથાણાનો મુખ્યત્વે ઉપયોગ રોટલી સાથે શાકના ઓપ્શનમાં અથવા તેની સાથે જ આરોગવા માટે થતો હોય છે. ગૃહિણીઓ અત્યારથી જ માર્કેટમાં કેરી અને કેરડા લેતી જોવા મળી રહી છે. સાથે સાથે કરિયાણાની દુકાનોમાં કુરિયાનુ ચલણ વધ્યુ છે. તૈયાર મલતા આચાર-મસાલા વધુ ચલણમાં છે.

## કલ્ચરલ ફોરમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિમોચન કર્યું હતું. જાણીતા કવિ શ્રી હિતેન આનંદપરાએ લખેલાં આ ગીતને સુપ્રસિદ્ધ સંગીતકાર શ્રી ગૌરાંગ વ્યાસે સંગીતે મઢ્યું છે. ફોરમના થીમ સોંગને શ્રી કલ્યાણી કૌઠાળકર અને શ્રી પ્રહર વોરાનો સ્વર સાંપડ્યો છે.

આ પ્રસંગે જાણીતા અભિનેતા શ્રી મનોજ જોશી, શ્રી નરેશ કનોડીયા, સંગીતકાર શ્રી ગૌરાંગ વ્યાસ, સાહિત્યકાર શ્રી હરિકૃષ્ણ પાઠક, શ્રી ભાગ્યેશ જહા, શ્રી દોલત ભટ્ટ, શ્રી તુષાર શુક્લ, શ્રી વી એસ ગઢવી, શ્રી દલપત પઢિયાર, ગાંધીનગરના કોટન સ્કલ્પચર આર્ટિસ્ટ રંજનબેન ભટ્ટ, ગાયક શ્રી સૌમિલ મુન્શી, શ્રી શ્યામલ મુન્શી, ફિલ્મ દિગ્દર્શક શ્રી સંદીપ પટેલ, અભિનેત્રી અને નિર્માત્રી આરતી પટેલ, અભિનેતા શ્રી હિતુ કનોડિયા, શ્રી નિસર્ગ ત્રિવેદી, શ્રી મૌલિક નાયક, કવિ શ્રી હિતેન આનંદપરા, સ્વરકાર શ્રી નયનેશ જાની, ચિત્રકાર ચૌલા દોશી અને નૃત્યકાર શ્રી ચંદન ઠાકોર અને શ્રીમતી નિરાલી ઠાકોર ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોએ મુખ્યમંત્રીશ્રી સાથે દીપ પ્રગટાવ્યા હતા. આ પ્રસંગે અલૌકિક વાતાવરણ સર્જાયું હતું.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ આવકાર પ્રવચનમાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના ૨૫ વર્ષના લેખાજોખા આપ્યા હતા. તેમણે ગાંધીનગરના નાગરિકોનો અંતઃકરણ પૂર્વક આભાર માનીને સંવેદનશીલ સમાજ રચના માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. ફોરમની પ્રવૃત્તિઓને સહકાર બદલ તેમણે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને રાજ્ય સરકારનો આભાર માન્યો હતો.

રજત જયંતિ વર્ષ નો શુભારંભ ગ્રીષ્મોત્સવ થી થયો છે. મહોત્સવના પ્રથમ દિવસે ચતુષપરિમાણીય પ્રસ્તુતિ 'હું છું ગાંધીનગર' પ્રસ્તુત થઈ હતી. નગરના જ લેખક શ્રી પ્રકાશ લાલા દ્વારા લિખિત અને દિગ્દર્શિત 'હું છું ગાંધીનગરમાં ગાંધીનગરના ૧૦૦ થી વધુ કલાકારોએ અભિનય આપ્યો હતો. ગાંધીનગરના જ નૃત્ય દિગ્દર્શક શ્રી ભાવિન પટેલે સુંદર મજાના નૃત્યોથી આ નાટકને સજાવ્યું હતું. શ્રી ભાગ્યેશ જહાં અને કવિ શ્રી તુષાર શુક્લ એ ગાંધીનગર વિશે ગીતો લખ્યાં છે જેને પણ લોકોએ ઘણી દાદ આપી હતી . આ નાટકમાં શ્રી નયનેશ જાનીએ સંગીત આપ્યું છે. ગાંધીનગરના નાગરિકોએ ગાંધીનગરની જ આ પ્રસ્તુતિને હૃદયપૂર્વક બિરદાવી હતી.

## આકસ્મિક તપાસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મામલે કોર્પોરેશનના નાયબ મ્યુનિ કમિશ્નરને જરૂરી પરિબળો ચકાસવા માટે સુચવ્યુ છે. જેમાં નગરની શાળાઓમાં નિયમાનુસાર વિદ્યાર્થીઓની સલામતી માટે કોઈ પગલા ન લેવાતા હોવાનુ ધ્યાને આવ્યુ હોવાનો ઉલ્લેખ કરી નગરની શાળાઓમાં ફાયર સેફટી ,બાળકોના આરોગ્ય, મેદાનની વ્યવસ્થા, સ્વચ્છ શૌચાલયની વ્યવસ્થા, બાંધકામની મંજુરી સહીતના મુદ્દે સ્થળ તપાસ હાથ ધરવા પણ જણાંવ્યુ છે. જયારે આરોગ્ય શાખા દ્વારા પણ કુપોષણના મામલે શાળાઓએ શુ કાર્યવાહી કરી તે અંગેનો રીપોર્ટ રજુ કરવા માટે પણ જણાંવ્યુ છે. જેથી હવે નગરની શાળાઓમાં આ મામલે આકસ્મિક ચકાસણી કરીને ટુંકમાં જ રીપોર્ટ તૈયાર કરવામાં આવશે. શહેરમાં સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે ચકાસણી કરવા માટે ટુંકમાં ઝુંબેશ શરૂ કરાશે.

## દૂષિત પાણી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં સે-૨૧ માં લાઈન બદલવાનુ કામ પુર્ણ થયા બાદ સે-૩૦ માં હવે આ કામગીરી શરૂ કરવામાં આવશે. પરંતુ ગટર લાઈનની સમસ્યા માટે શહેરના સેકટરોની મુખ્ય લાઈનને અપગ્રેડ કરવાની અનિવાર્યતા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં રોજબરોજ ગટરો ઉભરાવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે. સે-૩ એ માં પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી ગટરો ઉભરાતી હોવાના મામલે સ્થાનિકોમાં રોષ પ્રવર્તયો છે. સે-૩ ના પ્લોટ નં -૧૭૨ માં ગટરનુ દુષિત પાણી બેક મારતા રહીશો પરેશાન છે. સેકટરોમાં ગટર લાઈનની ફરિયાદો વધી છે. આવા સંજોગોમાં રોજબરોજ સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા ઉઠતા સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સેકટરોમાં ચોમાસા દરમિયાન ગટર લાઈનના મેઈન હોલમાં માટી પોલાણના લીધે પણ સમસ્યા સર્જાતી હોય છે. જયારે બે વર્ષ અગાઉ સેકટરોમાં મેઈનહોલ તુટવાના લીધે પણ ગટરલાઈનનો પ્રશ્ન વધુ પેચીદો બન્યો હતો. સેકટરોમાં ઉભરાતી ગટરોની સફાઈ કરવાનુ પણ મશીનરીના અભાવે મુશ્કેલ બની રહ્યુ છે. એકતરફ શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવી રહ્યો છે. જયારે ગટર લાઈનની સમસ્યાને પણ કાયમી ધોરણે ડામવા માટે પણ શહેરની લાઈન અપગ્રેડ થાય તેવી કાર્યયોજના તૈયાર કરવા માટે પણ માંગ ઉઠવા પામી છે.

## ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બાથરૂમની સુવિધા નથી. જ્યારે ગાંધીનગર શહેરી વિસ્તારના સેન્સસ આંકડાઓ પૈકી કુલ ૧૨૬૭૪૦ પરિવારો પૈકી ૧૮૩૦૦ પરિવારોને ઘરમાં કે ઘર બહાર કોઈપણ પ્રકારના બાથરૂમની સુવિધા પ્રાપ્ત નથી. આમ જોઈએ તો આપણે અગાઉ માત્ર મહિલાઓની વાત કરી પણ આ પરિવારો ની અંદર પુરુષો પણ હોય જ પણ તેમની ગણતરી કરી નથી. એ ગણતરી નહીં કરવા પાછળનું એક કારણ એવું પણ ખરું કે કદાચ પુરુષને બાથરૂમ ન હોય તો ઘરની બહાર ચોકડીમાં નાહવામાં સ્ત્રી જેટલો શરમ કે સંકોચ નડતો નથી, જ્યારે આ બાબત સ્ત્રીના સંબંધમાં વિચારવામાં આવે તો? તો સૌથી પહેલા સ્ત્રી તો શરમ અનુભવે જ પરંતુ તેની સાથે ઘરના સદસ્યોને પણ સંકોચ થાય. પણ સામે પક્ષે નક્કર વાસ્તવિકતા એ પણ છે કે એક તરફ સ્ત્રીને લાજ મર્યાદાની અંદર રાખવી છે પરંતુ તેની પાયાની જરૂરિયાત એવી સલામત બાથરૂમની વ્યવસ્થાની ચિંતા તેના પરિવારને પણ નથી. તંત્ર દ્વારા પણ તેમનો વિચાર કરવામાં આવતો નથી. પંચાયતી રાજમાં અનેક બહેનોને ૩૩ ટકા અનામતના આધારે રાજકીય સહભાગી બનવાનું સદભાગ્ય તો સાંપડ્યું, સરપંચ પદ, તાલુકા કે જિલ્લા પ્રમુખ પદ પણ મેળવ્યું પણ તેમના જ વર્ગની બહેનોનો બાથરૂમનો પ્રશ્ન સમજવાનો કે તેને સુલઝાવવાનો વિચાર પણ ના આવ્યો હોય એવી સ્થિતિ દેખાઈ રહી છે. ૩૩ ટકા અનામત મહિલાઓને તો મળી પણ ગાંધીનગરમાં ૩૩% પરિવારોમાં અને છત સાથેના કે કાચી દિવાલ અને છત વગરના બાથરૂમની સુવિધાની પણ છત હજુ સુધી થઈ નથી.

## નીટની પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં બાયોલોજી વિષયના ગુણ સૌથી વધુ હોય છે. જયારે વિદ્યાર્થીઓ માટે પણ સ્કોરીંગ વિષય ગણાય છે. જયારે બાયોલોજીનુ પેપર સંપુર્ણ એન સી ઈ આર ટી ના પુસ્તક આધારિત પુછાતા જે વિદ્યાર્થીઓએ આ ટેક્ષબુકના આધારે તૈયારીઓ કરી હોય તેને સરળ લાગ્યુ હતુ. જયારે ગુજરાત બોર્ડની ટેક્ષબુક મુજબ તૈયારી કરનારા વિદ્યાર્થીઓને પેપર થોડુ અઘરુ લાગ્યુ હતુ .રસાયણ વિજ્ઞાનમાં પણ સંપુર્ણ એન સી ઈ આર ટીના પુસ્તક આધારિત પ્રશ્નો પુછાયા હતા. ઓર્ગેનિક કેમેસ્ટ્રીના એકાદ પ્રશ્નોને બાદ કરતા અન્ય પ્રશ્નો સરળ પુછાયા હતા. જેના લીધે વિદ્યાર્થીઓને સરળતાથી ઉત્તરો મળ્યા હતા. જયારે ભૌતિક વિજ્ઞાનમાં બે થી ત્રણ પ્રશ્નો ગણતરી અને સમય માંગી લે તેવા હતા. અન્ય પ્રશ્નો વિદ્યાર્થીઓ માટે સરળ પુરવાર થયા હતા. જો કે કેટલાક પ્રશ્નો થિયરી આધારિત પણ હતા જે ગણતરીવાળા ન હોવાથી વિદ્યાર્થીઓ ફીઝીક્સ પણ સમયસર પુર્ણ કરી શકયા હતા. તેમછતા કેટલાક પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓનો સમય ખુટયો હતો.

## મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિનમાન્યતાપ્રાપ્ત રાજકીય પક્ષોના છે. શૈક્ષણિક યોગ્યતાની વાત કરવામાં આવે તો ૪૦ ટકા ઉમેદવારો ૧૨માં ધોરણ સુધી અભ્યાસ કરેલા છે. બાવન ટકા ઉમેદવારો સ્નાતક સુધી અભ્યાસ કરી ચુક્યા છે. ૪૩ ટકા ઉમેદવારો તો માત્ર સાક્ષર રહેલા છે.આવી જ રીતે પાંચમા તબક્કામાં મેદાનમાં રહેલા ઉમેદવારો પૈકી ૧૨૬ ઉમેદવારો પર અપરાધિક કેસ રહેલા છે. ૯૫ ઉમેદવારો પર ગંભીર અપરાધિક કેસ રહેલા છે. લોકસભા ચૂંટણીના પાંચમાં તબક્કામાં ઉત્તરપ્રદેશની ૧૪ સીટો ઉપર છઠ્ઠી મેના દિવસે મતદાન થનાર છે.

## વિકાસપંથી

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભ્રષ્ટાચારનો કોઈ આક્ષેપ કરી શકાય તેમ નથી. મોદીએ કહ્યું હતું કે જ્યારે દેશના વિકાસ કરવાની ઈચ્છા શક્તિ સાથે સરકાર બનાવવામાં આવે છે ત્યારે આ રીતે પરિવર્તન જોઈ શકાય છે. અમારા દેશના સ્વતંત્રતા બાદ ચાર પ્રકારની સરકારો આવી ચુકી છે. સરકાર, રાજનીતિ અને કલ્ચરને લોકો જોઈ ચુક્યા છે. હવે વિકાસપંથી રાજનીતિ અપનાવવામાં આવી રહી છે. મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસના નામદારો પોતાના મિત્રોને સંરક્ષણ સોદા અપાવતા હતા. હવે તેમની હાલત કફોડી બનેલી છે. બિઝનેસ પાર્ટનરો માટે પહેલા લંડનથી દિલ્હી સુધી દોડી જતા હતા. આ લોકોને અમેઠી અને રાયબરેલીના લોકોએ પણ પોતાના ક્ષેત્રમાંથી દુર કરવા માટે સંકલ્પ કરી ચુક્યા છે. સપા અને બસપા પર પ્રહાર કરતા તેમણે કહ્યું હતું કે જ્યારે આ લોકોને સત્તા મળે છે ત્યારે આ લોકો શહેરોના નામ ઉપર વીજળી પુરવઠામાં મતભેદ રાખે છે પરંતુ અમે ચોવીસ કલાક તમામ લોકો માટે વીજળી વ્યવસ્થા કરવા પર કામ કરી રહ્યા છીએ. મોદીએ ભ્રષ્ટાચારને લઈને વિપક્ષની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે તેમની સરકારોમાં એમ્બ્યુલન્સ કૌભાંડ, એનઆરએચએમ કૌભાંડ, ભ્રષ્ટાચાર થતા હતા.